BUSINESS મિત્ર Plus

ક્રુડઓઇલના કડાકાથી શેરબજારો-ડોલરમાં શાનદાર તેજી, બીટકોઇન-બુલિયન તૂટયા

અમેરિકા-ઈરાન વચ્ચે વચગાળાના યુદ્ધવિરામ પછી ઈરાનને ૬૦ દિવસ માટે વિશ્વ બજારમાં ક્રુડ વેચવાનો માર્ગ મોકળો બનવાના આસાર, હોર્મુઝ બ્લોકેડ હટતા ઠીક ઠીક માત્રામાં ક્રુડઓઇલ રિલિઝ થઇ રહ્યું હોઇ હાલ પુરતી ક્રુડની તંગી ટળવાથી ભાવો તૂટયા છે. નાયમેક્સ ક્રુડ ૧૧૦ ડોલરથી તૂટીને ૭૦ ડોલર નીચે જતું રહ્યું છે. ઘરઆંગણે એમસીએક્સક્રુડ ૧૦૮૦૦થી ઘટીને ૬૬૦૦ થઇ ગયું છે. ક્રુડમાં ઝડપી ઘટાડાથી ભારતીય શેરબજાર તેમજ રૂપિયાને બહુ મોટી રાહત મળી છે. ચોમાસામાં અંદાજે બે વીક વિલંબ પછી ચોમાસુ સક્રિય થઇ મુંબઇ મહારાષ્ટ્ર પહોચ્યું એ પણ સારા સમાચાર છે. વેધર એજન્સીઓના સંકેતો મુજબ ૨૮ જૂનથી ૧૦ જૂલાઇ મહારાષ્ટ્ર-એમપી, દક્ષિણમાં ચોમાસુ સક્રિય થશે. ઓગષ્ટ-સપ્ટેમ્બરમાં અલ નીનો ઝડપથી વધવાની આગાહીઓ જોતા જૂલાઇ-ઓગષ્ટનો વરસાદ શેરબજાર-રૂપિયો તેમજ મોંઘવારીના સંદર્ભમાં ખૂબ નિર્ણાયક રહેશે. હાલમાં હોર્મુઝ અને ચોમાસા મામલે રાહત થઇ ગઇ છે. વોરનો તનાવ ઘટયા પછી બજાર હવે પીસ ડિવિડંડની તલાશમાં છે. વિશ્વ બજારમાં ડોલરમાં તેજીનું કમબેક, મેમરી-એઆઇ શેરોમાં વેગીલી તેજી, ક્રુડઓઇલમાં કડાકો, વરસાદની આગમનથી નિફટી તેમજ બેન્ક નિફટીમાં મજબૂત સુધારો જોવાયો છે. હાલમાં બેન્કિંગ, ડિફેન્સ, એફએમસીજીમાં આકર્ષણ છે. આઇટી લાર્જ કેપમાં પણ કોન્ટ્રારિયન ઈન્વેસ્ટરો વેલ્યુ બાઇંગની શોધમાં છે. ચોમાસુ સારુ નીવડે તો ઈન્ફ્રા, ટ્રેકટર, ખાતર, ઓટો, કન્ઝયુમર ડયુરેબલ્સ વગેરે સેકટરમાં ગ્રામ્ય માંગ વધવાની આશાએ બ્રોડ બેઝ રિકવરી આવી શકે. હાલમાં બજાર ૨૨૫૦૦-૨૩૨૦૦ના મથાળે બોટમ આઉટ થઇ ગયું હોય એમ દેખાય છે. ટેકનીકલ રીલીફ રેલી ૨૪૪૦૦-૨૪૮૦૦ સુધી લંબાવાની પ્રબળ શકયતા છે.

વૈશ્વિક બજારોની વાત કરીએ તો કોરિયા-તાઈવાન બજારોમાં મેમરી-ચિપ્સ અને અમેરિકામાં સેમિકંડકટર કંપનીઓમાં માર્કેટ લીડર કંપનીઓમાં ધુંઆધાર તેજી છે. કોરિયામાં રિટેલ ટ્રેડર્સ માર્જિન ટ્રેડિંગમાં એકસ્ટ્રીમ લિવરેજથી એકટીવ હોય તાજેતરમાં કોરીયાનો કોસ્પી ઈન્ડેક્સ ઈન્ટ્રા ડે બે વાર ૮-૧૦ ટકા તૂટયો હતો. તાઈવાન અને જાપાનમાં પણ મેમરી- સેમીકંડકટર ટેકનોલોજીની તેજી હવે મેનિયાના લક્ષણ બતાવે છે. ટેકનોલોજી બજારોમાં શાર્પ કરેકશન આવે તો ભારત અને અન્ય ઈમર્જિંગ બજારોમાં વિદેશી રોકાણનું આકર્ષણ વધે. એઆઇ સેકટરમાં હાઈપર સ્કેલર ડેબ્ટ બુમ અને જાયન્ટ કેશ બર્ન મોટા વાઇલ્ડકાર્ડ છે.

કરન્સી બજારોની વાત કરીએ તો ડોલરમાં તેજીના શાનદાર કમબેકથી સોનાચાંદી, બીટકોઇન જેવી રિસ્ક એસેટ તૂટી છે. સોનું ૬૦૦૦-૭૦૦૦ થવાની આગાહીઓ હાલ

હોર્મુઝ અને અલ નીનો મોટા ટ્રિગર, એઆઇ-મેમરી શેરોમાં વેગીલી તેજી

પુરતી પોકળ સાબિત થઇ છે. ડિ-ડોલરાઇઝેશન સ્ટોરી પણ હવાઇ ગઇ છે. ડોલર ૯૩-૯૪થી ઉછળીને ૧૦૧ થઇ ગયો છે. વૈક્લિપ કરન્સીમાં યુરો ૧.૨૧-૧.૨૨થી ઘટીને ૧.૧૪, પાઉન્ડ ૧.૩૮તી ઘટીને ૧.૩૧, યન ૧૪૪થી ઘને ૧૬૧ થઇ ગયા છે. એક સમયે ડોલરનો વિકલ્પ, વર્લ્ડ કરન્સી મનાતો બીટકોઇન ૧૨૫૦૦૦ના ટોપથી તૂટીને ૬૦૦૦૦ ડોલર નીચે જતો રહ્યો છે. લાખો પ્રાઈવેટ ટોકન- ઓલ્ટકોઇન વીલીન થઇ ગયા છે. ક્રિપ્ટો એસેટમાં અંદાજે બે ટ્રિલિયન ડોલરથી વધુ મૂડી ધોવાઇ ગઇ છે.

પરંપરાગત સેફ હેવન એસેટ એવા સોનાચાંદી પણ તૂટયા છે. ફેડના નવા ચેરમેન કેવિન વોર્શે કહ્યું છે કે

બિરેન વકીલ

ફેડ ફુગાવાને બે ટકાના લક્ષાંક પર લાવવા કટીબધ્ધ છે. ફેડ સતત પાંચ વરસના બે ટકા ફુગાવાનો લક્ષાંક મીસ કરી રહી છે. ફેડનું હોકીશ સ્ટાન્સ જોતા ૨૦૨૬ના સેકન્ડ હાફમાં રેટકટ તો ભૂલી જવાના રહે. એક- બે રેટહાઇક આવવાની શકયતા વધી જાય. જો ફેડ આક્રમક રેટહાઇક કરે તો સોનાચાંદીમાં વેચવાલીનું દબાણ વધી શકે. સોનામાં ભાવો ૨૫-૩૦ ટકા તૂટયા છે. ચાંદી ૪૦-૪૫ ટકા તૂટી છે. ચીનમાં સોનામાં રિટેલ ટ્રેડરો માર્જિન ટ્રેડિંગમાં વધુ પડતા એકટિવ થઇ ગયા હોઇ સિસ્ટમ પર કોઇ જોખમો ન આવે એ માટે ત્રણેક મોટી બેન્કોએ સોનામાં ફોરવર્ડ ટ્રેડ પર માર્જિન વધારીને ૧૨૦ ટકા કરી નાખ્યું છે. ૨૪ જૂલાઇ સુધીમાં તમામ ઓપન પોઝિશન સરખી કરવા કહ્યું છે. સોનામાં બેલગામ સટ્ટાખોરીથી રિટેલ વેલ્થનું ધોવાણ થતું હતું. લાંબા ગાળે દેશની મૂડી વિદેશમાં જતી રહેવાના ભયસ્થાન પણ હતા. ૨૦૨૦માં ક્રુડઓઇલમાં તેજીનો પરપોટો ફુટયો ત્યારે ચીન-રશિયા-એશિયાને ઓટીસી ફોરવર્ડ તેમજ વાયદાના ટ્રેડિંગમાં રિટેલ સેગમેન્ટને પારાવાર નુકસાન થયું હતું એવી ભૂલ રિપિટ ન થાય એ માટે સરકારો સજાગ છે. ઘરઆંગણે એમસીએક્સ સોનું ૧૮૩૦૦૦ના ટોપથી ઘટીને ૧૪૩૦૦૦ અને ચાંદી ૪.૨૧ લાખથી ઘટીને ૨.૨૦ લાખ થઇ ગઇ છે.

બેઝમેટલ્સમાં ધીમો ઘસારો છે. હોર્મુઝ બ્લોકેડ હટતા કામચલાઉ સપ્લાય સુધર્યો છે. ચીનમાં ઔદ્યોગિક સ્લોડાઉન છે. એનર્જી ટ્રાન્ઝિશન, ઈવી, સોલાર બુમ, ડિફેન્સ, એઆઇ સેકટરોમાં કોપર, ટીન, નિકલમાં લોંગ ટર્મ ફંડામેન્ટલ સારા છે. હાલ બજાર કરેકશન મોડમાં છે.

એનર્જી સેકટરમાં હોર્મુઝ ખૂલતા ક્રુડઓઇલમાં શાર્પ કરેકશન આવ્યું છે. ઈરાન ડીલ હજૂ પણ તકલાદી છે. યુક્રેને રશિયાને ૪૦ દિવસમાં વોર પુરી કરો એવું અલ્ટિમેટમ આપીને રશિયાની ઓઇલ રિફાઈનરીઓ પર હુમલા તેજ કર્યા છે. સરકારોનો સ્ટ્રેટેજિક રિઝર્વનો સ્ટોક અંદાજે ૪૦ વરસના તળીયે છે. રશિયા, ગાઝા, ઈરાન વોરમાં ઓઇલ અને ગેસ એસેટને નોંધપાત્ર-અંદાજે ૩૦-૩૫ ટકા એસેટને નુકાન પહોચ્યાનો કાચો અંદાજ છે. જો ઈરાન ડીલ ટકે નહી તો ક્રુડમાં નવેસરથી તેજી આવી શકે. હાલમાં હોર્મુઝ- અલ નીનો મોટા ટ્રિગર છે.

વિશ્વનું બીજું સૌથી મોટું સોલાર માર્કેટ બનવા તરફ આગળ વધી રહેલું ભારત

૨૦૨૬માં ભારત વિશ્વનું બીજા ક્રમનું સૌથી મોટું સોલાર માર્કેટ બનવા તરફ અગ્રેસર છે. માર્ચ ૨૦૨૬માં ભારતની કુલ સ્થાપિત સોલાર ક્ષમતા ૧૫૦ GWને વટાવી જતાં, દેશ વૈશ્વિક સ્તરે સૌથી ઝડપથી વિકસતા સોલાર પાવર માર્કેટ્સમાંના એક તરીકે ઉભરી આવ્યો છે અને ૨૦૨૬માં તે વિશ્વનું બીજા નંબરનું સૌથી મોટું સોલાર માર્કેટ બનવા માટે તૈયાર છે.ટેક્નોલોજી અને એનાલિટિક્સ ફર્મ 'રૂબિક્સ ડેટા સાયન્સીસ'ના જણાવ્યા અનુસાર, ભારતે કુલ સ્થાપિત સોલાર ક્ષમતામાં વૈશ્વિક રેન્કિંગમાં સુધારો કર્યો છે, જે ૨૦૧૫માં ૯મા સ્થાનેથી વધીને ૨૦૨૫ સુધીમાં ત્રીજા સ્થાને પહોંચી ગયું છે. આ ક્ષેત્રે નજીકના ગાળામાં કેટલાક પડકારોનો સામનો કરવો પડ્યો છે, જેમ કે ભારતના સોલાર મોડ્યુલ માટેના સૌથી મોટા નિકાસ બજાર એવા અમેરિકા તરફથી ભારે ટેરિફ અવરોધ, ભારતની ઉત્પાદન ક્ષમતાની સરખામણીમાં ઓછી સ્થાનિક માંગ અને ફોટોવોલ્ટેઈક સેલની આયાત માટે ચીન પર વધતી નિર્ભરતા. આ પડકારો છતાં, રૂબિક્સ આ ક્ષેત્ર વિશે આશાવાદી છે.

બિન-અશ્મિભૂત ઈંધણ ક્ષમતાના ૫૦૦ GWના રાષ્ટ્રીય લક્ષ્યાંકને ટેકો આપવા માટે ૨૦૩૦ સુધીમાં ભારતની સોલાર ક્ષમતા લગભગ ૨૮૦-૩૦૦

ઓફ-બીટ

જીડબલ્યુ સુધી પહોંચવાની અપેક્ષા રાખવામાં આવે છે. નજીકના ગાળાના સ્પર્ધાત્મક દબાણો અને ઉદ્યોગના પુનર્ગઠન છતાં, ભારતનું સોલાર ક્ષેત્ર લાંબા ગાળાની વૃદ્ધિ માટે મજબૂત સ્થિતિમાં છે, જેને નીતિગત સાતત્ય, વધતી જતી સ્થાનિક માંગ, ઉત્પાદન વિસ્તરણ અને દેશની વ્યાપક સ્વચ્છ ઉર્જા સંક્રમણની મહત્વાકાંક્ષાઓ દ્વારા ટેકો મળી રહ્યો છે, તેમ રૂબિક્સે નોંધ્યું હતું.૨૦૦% અમેરિકી ડ્યુટી વચ્ચે ભારત નિકાસમાં વિવિધતા લાવશે. અમેરિકાનું બજાર, જે ભારતના સોલાર મોડ્યુલ નિકાસમાં લગભગ ૯૭% હિસ્સો ધરાવે છે, તે દેશે ભારતીય સોલાર આયાત પર ૧૨૩% એન્ટી-ડમ્પિંગ ડ્યુટી અને વધારાની ૧૨૫% કાઉન્ટરવેલિંગ ડ્યુટી લાદ્યા પછી પડકારજનક બન્યું છે, જેનાથી કુલ ટેરિફ બોજ ૨૦૦% ની ઉપર પહોંચી ગયો છે. ભારતની સોલાર મોડ્યુલ નિકાસ નાણાકીય વર્ષ ૨૪ માં $૧.૯૭ અબજની ટોચેથી ઘટીને નાણાકીય વર્ષ ૨૫ માં $૧.૧૨ અબજ થઈ ગઈ છે. એપ્રિલ ૨૦૨૫ થી ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન, નિકાસ $૧.૦૨ અબજ રહી હતી, જે ગયા વર્ષના સમાન ગાળાની સરખામણીમાં લગભગ યથાવત છે. રૂબિક્સ અપેક્ષા રાખે છે કે ભારતીય સોલાર મોડ્યુલ નિકાસકારો આ આકરા ટેરિફનો સામનો કરવા માટે વિવિધતા લાવશે અને વૈકલ્પિક આંતરરાષ્ટ્રીય બજારો શોધશે. ALMM નો આગ્રહ અને બેકવર્ડ ઈન્ટીગ્રેશન ચીન પર ભારતની નિર્ભરતા ઘટાડશે. રૂબિક્સે નોંધ્યું છે કે સોલાર ઈન્સ્ટોલેશન અને મોડ્યુલ ઉત્પાદન ક્ષમતામાં તીવ્ર વધારાને કારણે આયાત ચાલુ રહી છે, ખાસ કરીને પીવી (PV) સેલ માટે, જે એપ્રિલ ૨૦૨૫-ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન વધીને $૨.૭૨ અબજ થઈ ગઈ છે.ભારતની સોલાર સપ્લાય ચેઈન પર ચીનનું વર્ચસ્વ યથાવત છે. નાણાકીય વર્ષ ૨૬ માં ભારતની સોલાર પીવી સેલ આયાતમાં ચીનનો હિસ્સો ૬૫% હતો, જો કે આ નાણાકીય વર્ષ ૨૫ ના ૮૩% થી ઓછો હતો. રૂબિક્સ અપેક્ષા રાખે છે કે બેકવર્ડ ઈન્ટીગ્રેશન અને સરકારના ALMM આદેશનું પાલન કરવાથી આયાત પરની નિર્ભરતા ઘટશે અને ભારતની સોલાર સપ્લાય ચેઈન મજબૂત થશે. સોલાર વેલ્યુ ચેઈનમાં એપ્રુવ્ડ લિસ્ટ ઓફ મોડલ્સ એન્ડ મેન્યુફેક્ચરર્સ (ALMM) ફ્રેમવર્ક હેઠળ, સરકાર સમર્થિત પ્રોજેક્ટ્સ માટે જૂન ૨૦૨૬ થી માત્ર ALMM-સૂચિબદ્ધ સોલાર સેલનો ઉપયોગ કરવો જરૂરી રહેશે, જે સ્થાનિક સેલ ઉત્પાદનને પ્રોત્સાહિત કરશે અને આયાતી સેલ પર નિર્ભરતા ઘટાડશે, જે હજુ પણ મોટાભાગે ચીનમાંથી મેળવવામાં આવે છે. આ દિશામાં વધુ એક ડગલું આગળ વધીને, સરકારે ઈન્ગોટ્સ અને વેફર્સ માટે 'ALMM લિસ્ટ-III' રજૂ કર્યું છે, જે જૂન ૨૦૨૮ થી અમલી બનશે અને અપસ્ટ્રીમ ઘટકોને પણ સ્થાનિકીકરણના દાયરામાં લાવશે.

ભારતે નાણાકીય વર્ષ ૨૬ માં વિક્રમી ૪૪.૬૧ GW સોલાર ક્ષમતા ઉમેરી, જે સરકારના ૩૪ GWના લક્ષ્યાંકને વટાવી ગઈ છે, તેમ છતાં હજી પણ કેટલાક નજીકના ગાળાના પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે

અદાણી ગ્રુપ, ટાટા પાવર રિન્યુએબલ એનર્જી, વારી એનર્જીસ, જેક્સન ગ્રુપ અને સોલેક્સ એનર્જી સહિતના અગ્રણી પ્લેયર્સ ઈન્ગોટ્સ, વેફર્સ, સેલ્સ અને મોડ્યુલ્સને આવરી લેતી સંકલિત સુવિધાઓમાં અબજો રૂપિયાનું રોકાણ કરી રહ્યા છે.સોલાર ઓવરકેપેસિટી ઉદ્યોગના એકત્રીકરણને વેગ આપશે. ભારતનો સોલાર મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગ એવા તબક્કામાં પ્રવેશી રહ્યો છે જ્યાં ક્ષમતાનો વિસ્તરણ માંગ કરતાં નોંધપાત્ર રીતે વધી ગયો છે, જેનાથી ઉદ્યોગના સઘનીકરણની સંભાવના વધી ગઈ છે.

ભારતે ૨૦૨૫ માં ૧૧૯(GW) સોલાર મોડ્યુલ ઉત્પાદન ક્ષમતા અને ૯ જીડબલ્યુ થી વધુ સેલ ક્ષમતા ઉમેરી, જેનાથી કુલ મોડ્યુલ ક્ષમતા લગભગ ૨૧૦ જીડબલ્યુ અને સેલ ક્ષમતા ૨૭ જીડબલ્યુ થઈ ગઈ છે. જો કે, સ્થાનિક માંગ વાર્ષિક માત્ર ૪૦-૪૫ જીડબલ્યુ હોવાનો અંદાજ છે, જે સમગ્ર ક્ષેત્રમાં નોંધપાત્ર ઓવરકેપેસિટી (વધારાની ક્ષમતા) ઉભી કરે છે. ઉત્પાદકો કિંમતોના દબાણ, ઓછા ક્ષમતા વપરાશ અને ઓપરેશનલ કાર્યક્ષમતામાં સુધારો કરવાની જરૂરિયાતનો સામનો કરી રહ્યા છે. સોલાર સેક્ટરે મજબૂત વિદેશી રોકાણ આકર્ષ્યું છે. ભારતના સોલાર ઉદ્યોગ પર રૂબિક્સનો આશાવાદ આ ક્ષેત્રમાં મજબૂત વિદેશી રોકાણો દ્વારા સમર્થિત છે. ૨૦૨૫માં સોલાર સેક્ટરમાં ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (FDI) આશરે $૨.૩૭ અબજ હતું, જે ભારતના કુલ એફડીઆઈ પ્રવાહના ૪% થી વધુ અને બિન-પરંપરાગત ઉર્જા ક્ષેત્રમાં એફડીઆઈના લગભગ ૭૬% હિસ્સો ધરાવે છે.કેટલાક મોટા રોકાણોએ આ ટ્રેન્ડને ટેકો આપ્યો હતો. બ્રિટિશ ઈન્ટરનેશનલ ઈન્વેસ્ટમેન્ટે રીન્યુના સોલાર મેન્યુફેક્ચરિંગ બિઝનેસમાં $૧૦૦ મિલિયનનું રોકાણ કર્યું હતું, જ્યારે યુએઈ સમર્થિત ક્લાઈમેટ ફંડ ALTRRA અને બ્રુકફિલ્ડ એસેટ મેનેજમેન્ટે ભારતમાં રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સ માટે એવરેન એનર્જીને $૧૦૦ મિલિયન આપવાનું વચન આપ્યું હતું.

ભારતે નાણાકીય વર્ષ ૨૬ માં વિક્રમી ૪૪.૬૧ GW સોલાર ક્ષમતા ઉમેરી, જે સરકારના ૩૪ જીડબલ્યુ ના લક્ષ્યાંકને વટાવી ગઈ છે, તેમ છતાં હજી પણ કેટલાક નજીકના ગાળાના પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. જો કે, રૂબિક્સ માને છે કે કેટલાક નીતિગત પગલાં અને પીએલઆઈ યોજનાઓ ઉત્પાદન વૃદ્ધિના આગામી તબક્કાને ટેકો આપી રહી છે.સરકાર પીએમ સૂર્ય ઘરઃ મફત વીજળી યોજના જેવી યોજનાઓ સાથે સોલાર અપનાવવા પર ભાર આપી રહી છે, જેનો ઉદ્દેશ્ય માર્ચ ૨૦૨૭ સુધીમાં એક કરોડ ઘરોને રૂફટોપ સોલાર પાવર પૂરો પાડવાનો છે, અને પીએમ-કુસુમ (PM-KUSUM) યોજના, જે ખેડૂતોને સોલાર પાવર તરફ વળવા અને પૂરક આવક મેળવવા માટે પ્રોત્સાહિત કરે છે.કેન્દ્રીય બજેટે સોલાર કાર્યક્રમો માટેની ફાળવણીમાં નોંધપાત્ર વધારો કર્યો છે. પીએમ સૂર્ય ઘર માટેનું ભંડોળ નાણાકીય વર્ષ ૨૫ માં રૂ. ૭૮.૨ અબજથી વધીને નાણાકીય વર્ષ ૨૭ માં રૂ. ૨૨૦ અબજ થયું છે, જ્યારે પીએમ-કુસુમ માટેની ફાળવણી લગભગ બમણી થઈને રૂ. ૫૦ અબજ થઈ ગઈ છે.

શું ભારત વિદેશથી આવતા પ્રવાસીઓ માટે ખૂબ મોંઘુ બની ગયું છે?

દાયકાઓથી, ભારત વિશ્વના સૌથી સસ્તા અને પરવડે તેવા દેશોમાંના એક તરીકેની પ્રતિષ્ઠા ભોગવી રહ્યું છે. પછી ભલે તે હિમાલયમાં ટ્રેકિંગ કરતા બેકપેકર્સ હોય, દરિયાકાંઠાના શહેરોમાં ફરવા આવેલા લહેરી પર્યટકો હોય, કે પછી મહાનગરોમાં રહેતા મલ્ટીનેશનલ કંપનીઓના એક્ઝિક્યુટિવ્સ હોય, ભારતે પરંપરાગત રીતે દરેક બજેટને અનુકૂળ સેવાઓ પૂરી પાડી છે. તેમ છતાં, વિદેશી પ્રવાસીઓમાં હવે એક સામાન્ય પ્રશ્ન ઊઠી રહ્યો છે કે શું ભારત ધીમે ધીમે તેની આ દરેકને પરવડે તેવી કિંમતોની છાપ ગુમાવી રહ્યું છે. આનો જવાબ મોટે ભાગે એ વાત પર આધાર રાખે છે કે વ્યક્તિ ક્યાં રહે છે, તે કેવી જીવનશૈલી પસંદ કરે છે અને તે ભારતની સરખામણી કોની સાથે કરે છે.

તેમાં કોઈ શંકા નથી કે ભારતના સૌથી મોટા શહેરોમાં જીવનનિર્વાહનો ખર્ચ ખૂબ જ ઝડપથી વધ્યો છે. દિલ્હી, મુંબઈ, બેંગલુરુ અને ગુરુગ્રામમાં ઘરનું ભાડું, પ્રીમિયમ ડાઇનિંગ, આયાતી માલસામાન અને લક્ઝરી સેવાઓમાં ભારે વધારો જોવા મળ્યો છે. મલ્ટીનેશનલ કંપનીઓમાં કામ કરતા વિદેશી પ્રોફેશનલ્સ અવારનવાર ગેટેડ કોમ્યુનિટીઝ, ઈન્ટરનેશનલ સ્કૂલ્સ, ઈમ્પોર્ટેડ કરિયાણું અને ખાનગી હેલ્થકેર પસંદ કરે છે – આ બધું જ હવે ઘણું મોંઘું થઈ ગયું છે. મુંબઈ અને ગુરુગ્રામના પ્રાઈમ લોકેશનમાં હાઉસિંગનો ખર્ચ હવે યુરોપ અને દક્ષિણ-પૂર્વ એશિયાના કેટલાક ભાગો જેટલો થઈ ગયો છે. જ્યારે વાઈન, ચીઝ અને ગોરમે ફૂડ્સ જેવી આયાતી પ્રોડક્ટ્સ પર ઊંચી ઈમ્પોર્ટ ડ્યુટી લાગવાનું ચાલુ જ છે. પર્યટન ક્ષેત્રે પણ મોટો બદલાવ આવ્યો છે. ગોવા, રાજસ્થાન, કેરળ અને હિમાચલ પ્રદેશ જેવા લોકપ્રિય પ્રવાસન સ્થળો પર તહેવારો અને રજાઓ દરમિયાન હોટેલો અને રિસોર્ટ્સ પ્રીમિયમ દરો વસૂલે છે, જેથી કિંમતોમાં ભારે મોસમી (સીઝનલ) વધારો જોવા મળે છે. સ્મારકો પર અલગ-અલગ ટિકિટના દરો, ગાઈડેડ ટૂર અને પરિવહન સેવાઓ ઘણીવાર વિદેશીઓમાં એવી ધારણાને મજબૂત કરે છે કે તેઓ સ્થાનિક લોકો કરતાં ઘણું વધારે ચૂકવી રહ્યા છે. શહેરી ભારતની ઝડપથી વિસ્તરી રહેલી ડિજિટલ અર્થવ્યવસ્થાએ રોજિંદા ખર્ચમાં વધુ વધારો કર્યો છે. એપ-આધારિત ફૂડ ડિલિવરી અને રાઈડ-હેઈલિંગ (ટેક્સી) પ્લેટફોર્મનો વારંવારનો ઉપયોગ માસિક બજેટને શરૂઆતની અપેક્ષાઓ કરતાં ઘણું આગળ ધકેલી શકે છે. છતાં, આ વધતો જતો ખર્ચ ભારતના ચિત્રની માત્ર એક જ બાજુ દર્શાવે છે. યુરોપ, ઉત્તર અમેરિકા અને ઓસ્ટ્રેલિયાની સરખામણીમાં, ભારત મોટાભાગના આવશ્યક ખર્ચાઓ માટે હજી પણ નોંધપાત્ર રીતે ઘણું સસ્તું છે. વિકસિત અર્થતંત્રોની તુલનામાં અહીં ખોરાક, સ્થાનિક પ્રવાસ, યુટિલિટીઝ (વીજળી, પાણી વગેરે) અને સ્થાનિક પરિવહનનો ખર્ચ માત્ર એક નાનો અંશ છે. તાજેતરના આંતરરાષ્ટ્રીય અંદાજો અનુસાર, ભારતમાં એક વ્યક્તિ માટે

ટ્રાવેલ ટોક

ભાડા સિવાયનો માસિક જીવનનિર્વાહ ખર્ચ પશ્ચિમી દેશોના સમાન ખર્ચ કરતાં ઘણો ઓછો છે. ભારતની ફૂડ ઈકોસિસ્ટમ તેનો સૌથી મોટો ફાયદો છે. ચેન્નાઈના સાઉથ ઈન્ડિયન ભોજનથી લઈને દિલ્હી અને કોલકાતાના સ્ટ્રીટ ફૂડ સુધીનું અસલી પ્રાદેશિક ભોજન મામૂલી કિંમતે ઉત્તમ ગુણવત્તા પ્રદાન કરે છે. મિડ-રેન્જ રેસ્ટોરન્ટ્સ પણ લંડન, સિંગાપોર અથવા ન્યૂ યોર્ક જેવા શહેરો કરતાં ઘણી સસ્તી

છે. પરિવહન બીજું એક એવું ક્ષેત્ર છે જ્યાં ભારત સ્પષ્ટપણે ખર્ચનો મોટો ફાયદો જાળવી રાખે છે. તેનું વ્યાપક રેલ્વે નેટવર્ક અને સ્પર્ધાત્મક સ્થાનિક એવિએશન બજાર આંતર-શહેરી પ્રવાસને ઘણો સસ્તો બનાવે છે. એ જ રીતે, એપ-આધારિત ટેક્સીઓ, જો કે સ્થાનિક ધોરણો મુજબ મોંઘી થઈ રહી છે, તેમ છતાં મજબૂત કરન્સી(વિદેશી હૂંડિયામણ)માં કમાણી કરતા પ્રવાસીઓ માટે તે ઘણી સસ્તી છે. હેલ્થકેર (આરોગ્ય સંભાળ) કદાચ ભારતનું સૌથી મજબૂત પાસું છે. ચેન્નાઈ, દિલ્હી જેવા શહેરોની ખાનગી હોસ્પિટલોમાં ઉચ્ચ ગુણવત્તાની સારવાર ઘણા વિકસિત દેશોની સરખામણીમાં ખૂબ જ ઓછા ખર્ચે થાય છે, જે ભારતને મેડિકલ ટુરિઝમ માટેનું એક અગ્રણી સ્થળ બનાવે છે. વિનિમય દર ભારતની આકર્ષકતાને વધુ મજબૂત બનાવે છે. યુએસ ડોલર, યુરો અથવા પાઉન્ડમાં કમાણી કરતા મુલાકાતીઓ નોંધપાત્ર રીતે વધુ ખરીદશક્તિનો આનંદ માણે છે, જેનાથી તેઓ તેમના બજેટને તેમના પોતાના દેશો કરતાં ઘણું વધારે વિસ્તારી શકે છે.

ભારત ખૂબ મોંઘું છે કે નહીં તેનો આધાર દેશ કરતાં વ્યક્તિ કઈ જીવનશૈલી પસંદ કરે છે તેના પર વધુ છે. શહેરી ફુગાવો, પ્રીમિયમ હાઉસિંગ અને વ્યાપારીકૃત પર્યટનને કારણે ચોક્કસપણે કેટલાક વિભાગો વધુ મોંઘા બન્યા છે. તેમ છતાં, મોટાભાગના વિદેશીઓ માટે, ભારત પરવડે તેવા ખર્ચ, વિવિધતા અને મૂલ્યનું એક એવું અજોડ સંયોજન પ્રદાન કરવાનું ચાલુ રાખે છે જે વિશ્વના બહુ ઓછા મોટા અર્થતંત્રો આપી શકે છે

જુદી-જુદી ધારણાઓ પાછળનું સૌથી મોટું કારણ કદાચ ભારતની વિવિધ આર્થિક વાસ્તવિકતાઓ છે. મુંબઈમાં વૈભવી જીવનશૈલી જીવતા વિદેશી એક્ઝિક્યુટિવના ખર્ચ, હિમાચલ પ્રદેશની મુલાકાતે નીકળેલા બેકપેકર અથવા ઋષિકેશમાં રહેતા યોગ ઉત્સાહીના ખર્ચ કરતાં તદ્દન અલગ હશે. એ જ રીતે, ભુવનેશ્વર, કોચી અને પટના જેવા ટીયર-II (દ્વિતીય શ્રેણીના) શહેરો ભારતના ટેકનોલોજી અને ફાયનાન્સિયલ હબ કરતાં ઘણા વધુ પરવડે તેવા છે. ભારતની વિવિધતા માત્ર સંસ્કૃતિ અને ભૂગોળ પૂરતી મર્યાદિત નથી – તે કિંમતોની અસાધારણ શ્રેણીને પણ આવરી લે છે. લક્ઝરી એપાર્ટમેન્ટ્સ, ફાઈવ-સ્ટાર હોટેલ્સ અને આયાતી જીવનશૈલી વિશ્વના કોઈપણ દેશના ખર્ચની બરાબરી કરી શકે છે. તે જ સમયે, જેઓ સ્થાનિક પરિવહન, શેરીના બજારો અને પ્રાદેશિક ભોજન અપનાવવા તૈયાર છે, તેમના માટે ભારત વિશ્વના સૌથી સસ્તા સ્થળોમાંનું એક છે. અંતે, ભારત ખૂબ મોંઘું છે કે નહીં તેનો આધાર દેશ કરતાં વ્યક્તિ કઈ જીવનશૈલી પસંદ કરે છે તેના પર વધુ છે. શહેરી ફુગાવો, પ્રીમિયમ હાઉસિંગ અને વ્યાપારીકૃત પર્યટનને કારણે ચોક્કસપણે કેટલાક વિભાગો વધુ મોંઘા બન્યા છે. તેમ છતાં, મોટાભાગના વિદેશીઓ માટે, ભારત પરવડે તેવા ખર્ચ, વિવિધતા અને મૂલ્યનું એક એવું અજોડ સંયોજન પ્રદાન કરવાનું ચાલુ રાખે છે જે વિશ્વના બહુ ઓછા મોટા અર્થતંત્રો આપી શકે છે.

ભારતીય ઈવી અને હાઈબ્રીડ કારની નિકાસને વેગ મળશે

ભારત-યુકે કોમ્પ્રિહેન્સીલ ઈકોનોમિક એન્ડ ટ્રેડ એગ્રીમેન્ટ (સીઈટીએ) ભારતના ઈલેક્ટ્રિક વાહન નિકાસ લેન્ડસ્કેપને પરિવર્તિત કરવા માટે તૈયાર છે. તે યુરોપના સૌથી મહત્વપૂર્ણ રાઈટ હેન્ડ ડ્રાઈવ બજારમાં સ્થાનિક કાર ઉત્પાદકો માટે નવી તકો ઊભી કરશે. આ સીમાચિહ્નરૂપ કરાર, જે 15 જુલાઈ, 2026થી અમલમાં આવશે, તે ભારતીય નિર્મિત ઈલેક્ટ્રિક, હાઈબ્રિડ અને હાઈડ્રોજન-સંચાલિત પેસેન્જર વાહનો માટે યુકેને ડ્યુટી-ફ્રી એક્સેસ આપવા માટે એક વ્યવસ્થિત રોડમેપ પ્રદાન કરે

યુકે બજારમાં ડ્યુટી ફ્રી એક્સેસથી નિકાસ વધશે) 2026માં ભારતની ઈવી નિકાસ 9 ગણી વધીને 707.40 મિલિયન ડોલર થઈ

છે. આ વૈશ્વિક ઈવી ઉત્પાદન કેન્દ્ર તરીકે ભારતની સ્થિતિને વધુ મજબૂત બનાવશે. ગત નાણાકીય વર્ષમાં ભારતના ઈલેક્ટ્રિક વાહન નિકાસમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. તાજેતરના વેપાર ડેટા અનુસાર, કુલ ઈવી નિકાસ નાણાકીય વર્ષ 2025માં 80.28 મિલિયન ડોલરથી વધીને નાણાકીય વર્ષ 2026માં 707.4 મિલિયન ડોલર થઈ છે, જે લગભગ 9 ગણો વધારો છે. યુકે ભારતના ઈલેક્ટ્રિક વાહનોના નિકાસમાં બીજા ક્રમના સૌથી મોટા સ્થળ તરીકે ઉભરી આવ્યું છે. નાણાકીય વર્ષ 2026 દરમિયાન, ભારતે યુકેને 168.5 મિલિયન ડોલરની કિંમતની ઈવી નિકાસ કરી હતી, જે દેશની કુલ ઈવી નિકાસના 23.82 ટકા હિસ્સો ધરાવે છે. સૌથી નોંધપાત્ર ફેરફારોમાંનો એક પરંપરાગત કાર કરતાં ઈલેક્ટ્રિક વાહનોનું પ્રભુત્વ છે. નાણાકીય વર્ષ 2026 દરમિયાન ભારતથી યુકેમાં થતી તમામ પેસેન્જર વાહનોની નિકાસમાં ઈવીનો હિસ્સો 97.67 ટકા હતો. આ પાછલા વર્ષોથી નોંધપાત્ર પરિવર્તન છે, જ્યારે આંતરિક કમ્બશન એન્જિનવાળા વાહનો નિકાસ પર પ્રભુત્વ ધરાવતા

હતા. આ ઝડપી વિસ્તરણ ઈવી નિકાસમાં તેજીને વધુ મજબૂત બનાવે છે.

ભારત-યુકે સીઈટીએ હેઠળ, ભારતમાં ઉત્પાદિત ઈલેક્ટ્રિક, હાઈબ્રિડ અને હાઈડ્રોજન-સંચાલિત પેસેન્જર કાર પર તબક્કાવાર, ક્વોટા-આધારિત સિસ્ટમ

ઓટો વોચ

દ્વારા યુકેમાં શુન્ય આયાત ડ્યુટી લાગુ પડશે. ટેરિફ મુક્તિ કરારના છઠ્ઠા વર્ષથી શરૂ થશે અને 80000 પાઉન્ડ સુધીની કિંમતના વાહનો પર લાગુ થશે. આ મર્યાદાથી ઉપરની કિંમતના પ્રીમિયમ વાહનોને ડ્યુટી મુક્તિ મળશે નહીં. એકંદરે, વાર્ષિક ક્વોટા છઠ્ઠા વર્ષમાં 17600 વાહનોથી વધીને 15માં વર્ષ સુધીમાં મહત્તમ 88000 વાહનો સુધી પહોંચશે, જે ઈવી નિકાસમાં વધારો કરવા માટે નોંધપાત્ર તકો ઊભી કરશે. ભારતીય બજારને સ્વચ્છ-ઊર્જા વાહનો માટે ખુલ્લું મૂકતી વખતે, આ કરાર યુકેમાં ઉત્પાદિત પરંપરાગત આંતરિક કમ્બશન એન્જિન વાહનોની મર્યાદિત એક્સેસ પણ પ્રદાન કરે છે. ભારત યુકેમાં નિર્મિત આઈસીઈ પેસેન્જર કાર પરની આયાત જકાત વર્તમાન 100થી 110 ટકાથી ઘટાડીને 10 ટકા કરશે. આ માટે 15 વર્ષમાં 378000 વાહનોનો ક્વોટા નક્કી કરવામાં આવ્યો છે, જે પહેલા વર્ષમાં 20000 યુનિટથી શરૂ થશે.

મહત્વપૂર્ણ રીતે, ભારતે તેના સ્થાનિક ઈવી ઉત્પાદન ઈકોસિસ્ટમનું રક્ષણ કર્યું છે. 40000 પાઉન્ડથી ઓછી કિંમતના આયાતી ઈલેક્ટ્રિક વાહનોને ટેરિફમાંથી મુક્તિ આપવામાં આવી છે, જે સ્થાનિક ઉત્પાદકોને ટેકો આપવાનું ચાલુ રાખશે. ભારતીય ઓટોમોબાઈલ કંપનીઓ વૈશ્વિક વિસ્તરણ માટે તૈયારી કરે છે ભારતની અગ્રણી ઓટોમોબાઈલ કંપનીઓએ આ કરારનું સ્વાગત કર્યું છે અને તેને નિકાસ વધારવાની વ્યૂહાત્મક તક તરીકે જુએ છે. મારુતિ સુઝુકીએ યુરોપિયન બજારોમાં તેના વિશિષ્ટ ઈ-વિટારાની નિકાસ શરૂ કરી દીધી છે અને ભવિષ્યના વિકાસ માટે યુકેને એક મુખ્ય સ્થળ માને છે. આ નવા માળખા હેઠળ મહિન્દ્રા અને મહિન્દ્રા બ્રિટિશ ગ્રાહકોને BE 6 અને XUV 9e જેવા પ્રીમિયમ ઈલેક્ટ્રિક મોડેલ્સ રજૂ કરશે તેવી અપેક્ષા છે.

ટાટા મોટર્સે પણ આ કરારને ટેકો આપ્યો છે. કંપનીનું કહેવું છે કે આ તબક્કાવાર અમલીકરણ ભારતમાં ઉત્પાદિત ટકાઉ ગતિશીલતા તકનીકોની વૈશ્વિક સ્પર્ધાત્મકતામાં વધારો કરશે. જેથી બંને દેશો વચ્ચે વેપાર વધુ મજબૂત બનશે.

આ ઓટોમોટિવ સંબંધિત જોગવાઈઓ ભારત-યુકે વ્યાપક આર્થિક અને વેપાર કરારનો મુખ્ય ભાગ છે. આ કરારનો ઉદ્દેશ 2030 સુધીમાં બંને દેશો વચ્ચેના વેપારને બમણો કરીને $100 બિલિયન કરવાનો છે. વધેલી ઉત્પાદન ક્ષમતા, સહાયક સરકારી નીતિઓ અને સુધારેલ બજાર એક્સેસ સાથે, આ કરાર ભારતને સ્વચ્છ ગતિશીલતા ઉત્પાદન માટે એક મુખ્ય વૈશ્વિક કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાની અપેક્ષા છે.